


# ૧૦ બનાવીએ

## ટપકાંવાળું જીવડું અને તેની ડિઝાઇન

"તમે કદી ટપકાંવાળું જીવડું જોયું છે ?
તેના શરીર પર ટપકાં હોય છે.
શું તમે ક્યારેય ટપકાં ગણ્યાં છે ?"



ક. દરેક જીવડા પરનાં ટપકાંની સંખ્યા લખો.











ખ. કચૂકા, કાંકરા, બટન, ચાંલ્લા વગેરે જેવી વસ્તુઓ વડે અમુક ટપકાંની ડિઝાઈન બનાવો અને દરેક ગોઠવણીમાં ટપકાંની સંખ્યા ઓળખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


ગ. લાલ ચાંલ્લાની ગોઠવણી દ્વારા બનતી સંખ્યાઓને ઓળખો અને લખો.





## ચાલો રમીએ

ઘ. તમારા મિત્ર સાથે રમો. પાસો ફેંકો અને પાસા પર દેખાતાં ટપકાં જેટલાં જ ટપકાંવાળા ખાનામાં રંગ પૂરો. તમારા મિત્ર અને તમે વારાફરતી પાસો ફેંકો.



રંગ પસંદ કરો અને તેને નીચેના ખાનામાં પૂરો.

મારો રંગ

મિત્રનો રંગ



વધુ સંખ્યામાં જેનાં ખાનાં રંગીન હશે તે બાળક જીતશે.

બાળકોને ગણતરી કર્યા વિના સંખ્યાઓ ઓળખવામાં મદદ કરવા માટે રંગીન ટપકાંવાળાં ફ્લેશકાર્ડનો ઉપયોગ કરો. આને સબિટાઇઝેશન (ગણતરી કર્યા વગર જોઈને સંખ્યા કહેવી) કહેવામાં આવે છે. જરૂરિયાત મુજબ વિવિધ આકાર અને કદમાં ૧ થી ૯ સંખ્યાના ટપકાંનાં નમૂનાવાળાં કાર્ડ બનાવો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## અદૃશ્ય થતાં બટનો

ગોલુ વાંદરો ચાર બટનવાળું તેનું મનપસંદ ખમીસ (શર્ટ) પહેરે છે. તે બગીચામાં ગયો અને ઘણાં બધાં કેળાં ખાધાં. તમને શું લાગે છે પછી શું થયું હશે ?

તેનું એક બટન તૂટી ગયું અને દૂર જતું રહ્યું. પરંતુ તે કેળાં ખાવાનું છોડતો નથી અને તેના ખમીસનાં એક પછી એક બટન તૂટતાં ગયાં.



ચાર



☐ બટન



ત્રણ



☐ બટન



બે




☐ બટન



એક



☐ બટન



શૂન્ય


0 બટન

ખમીસ પર છેલ્લે કેટલાં બટન બચ્યાં છે તે સંખ્યાની ચર્ચા કરો. બાળકોને તેમની આસપાસની વસ્તુઓ કે જેની સંખ્યા શૂન્ય છે તેના નામ આપવા માટે કહો. બાળકોને સમજવા દો કે શૂન્ય એ પણ એક, બે અને બીજી સંખ્યાઓ જેવી જ સંખ્યા છે. બાળકો સાથે સમતોલ આહારના ફાયદાઓ અને અતિશય આહારની આડઅસરો વિશે ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઝાડની ડાળી પર બેઠેલાં પક્ષીઓની સંખ્યા લખો.





## ‘o’ લખો



## વિચારો અને કહો

ક. તમે રાત્રે કેટલા સૂર્ય જુઓ છો ?

ખ. તમે બપોરે કેટલા ચંદ્ર જુઓ છો ?

દર વખતે એક વસ્તુને ઘટાડીને શૂન્યનો વિચાર દર્શાવવા માટે મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરો. એવી પરિસ્થિતિઓની ચર્ચા કરો કે જ્યાં કંઇક ગેરહાજર છે અને તેની સંખ્યાને ‘શૂન્ય’ તરીકે ઓળખવામાં આવે છે, જેમ કે વર્ગખંડમાં o બસ છે. બાળકોને શરૂઆતમાં ૫ થી o અને પછી ૯ થી o સુધીની ઊંધી ગણતરી કરવા માટે પણ પ્રોત્સાહિત કરો





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## દસમો જન્મદિવસ

આજે આસ્થાનો દસમો જન્મદિવસ છે. તેના પિતાએ તેના માટે હલવો તૈયાર કર્યો હતો. તે તેના મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી કરી રહી છે.






હું ૯ વર્ષની છું અને વધુ ૧ વર્ષ પછી, હું ૧૦ વર્ષની થઈશ. તેથી, ૯ અને ૧ મળીને ૧૦ થાય છે.



તેણે તેના જન્મદિવસ પર ☐ દીવા પ્રગટાવ્યા છે.

વસ્તુઓની સંખ્યા ગણો અને લખો.



| ☐ | ☐ | ☐ | ☐ | ☐ |
|---|---|---|---|---|
| મણકા | લાડુ | રંગીન ચૉક | કેળાં | પાંદડાં |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ચાલો કરીએ

ક. ગણો અને ૧૦ રંગીન મણકાની માળા બનાવો.


૧.



૨.



૩.




૪.




ખ. દસનું ચોકઠું બનાવવા માટે ખૂટતાં બટન દોરો.


૧.




૨.



૩.



૪.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મજેદાર ૫ અને ૧૦


નમૂનાને અનુસરો અને લાકડી વડે અલગ પડેલી સંખ્યાની જોડ લખો

| | |
|---|---|
|  | ૧ અને ૪ |
|  | __ અને __ |
|  | __ અને __ |
|  | __ અને __ |
|  | __ અને __ |



### ચાલો, રમીએ !

૩ આંગળીઓ બતાવો. તમારા મિત્રને ૫ બનાવવા માટે બાકીની આંગળીઓ બતાવવી પડશે.




















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૦ની જોડી

ચાલો, આપણે બંને હાથ વડે આંગળીની રમત રમીએ. એક બાળક કેટલીક આંગળીઓ બતાવશે અને બીજા બાળકને વાળેલી આંગળીઓ જેટલી આંગળીઓ બતાવવા કહેશે.

નમૂનાને અનુસરો અને કોષ્ટકમાં સંખ્યાની જોડી લખો

| | | | |
|---|---|---|---|
|  |  | = |  |
| ૧ | ૯ | = | ૧૦ |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




## ચાલો, કાર્ડની રમત રમીએ !

### સંખ્યાકાર્ડ (૦ થી ૧૦ના સમૂહો)

બધાં કાર્ડ એવી રીતે રાખો કે લખેલી સંખ્યા દેખાય નહીં. એક બાળક કાર્ડ ઉપાડે છે અને બધાંને દેખાય તે રીતે મૂકે છે. બીજું બાળક બીજું કાર્ડ ઉપાડે છે અને બધાંને દેખાય તે રીતે મૂકે છે. જો કાર્ડ પર લખેલી સંખ્યાની જોડ ૧૦ થાય, તો બીજું બાળક બંને કાર્ડ લઈ લે છે. હવે પહેલા બાળકનો વારો આવશે અને તે કાર્ડ ઉપાડશે. આ રીતે રમત ચાલુ રહેશે.

## ૨૦ સુધીની ગણતરી

સિમરન નાગપુરમાં રહે છે. તે નારંગીને પેકિંગ કરવામાં તેના પિતાની મદદ કરી રહી છે. એક ખોખામાં ૧૦ નારંગી રાખી શકાય છે. ચાલો, આપણે નારંગીની સંખ્યા ગણીએ.







| | | |
|---|---|---|
|  | ૧૦ | ૧૦ દસ |
|  | ૧૦ અને ૧ | ૧૧ અગિયાર |
|  | ૧૦ અને ૨ | ૧૨ બાર |

બાળકોને ૫ અને ૧૦ની સંખ્યાના ભાગ સમજવા અને યાદ રાખવા મૌખિક ગણતરી કરાવડાવો. ઉદાહરણ તરીકે, જો શિક્ષક ૨ કહે, તો બાળકે ૫ના ભાગ પાડીને ૩ જવાબ આપવો જોઈએ. એ જ રીતે, જો શિક્ષક ૪ કહે તો બાળકે ૧૦ના ભાગ પાડીને ૬ જવાબ આપવો જોઈએ. આ પછી બાળકોને ૧૦થી વધુની ગણતરી શરૂ કરવા કહો. બાળકોને એ હકીકત તરફ ધ્યાન દોરો કે દરેક સંખ્યા તેની તરતની પહેલાની સંખ્યા કરતાં હંમેશાં એક સંખ્યા વધુ હોય છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | |
|---|---|---|
|  | ૧૦ અને ૩ | ૧૩ તેર |
|  | ૧૦ અને ૪ | ૧૪ ચૌદ |
|  | ૧૦ અને ૫ | ૧૫ પંદર |
|  | ૧૦ અને ૬ | ૧૬ સોળ |
|  | ૧૦ અને ૭ | ૧૭ સત્તર |
|  | ૧૦ અને ૮ | ૧૮ અઢાર |
|  | ૧૦ અને ૯ | ૧૯ ઓગણીસ |
|  | ૧૦ અને ૧૦ | ૨૦ વીસ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧૧ થી ૨૦ સુધીની સંખ્યા લખો.

| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૪ | | | | | ૧૯ | |
| | | | | | | ૧૭ | | | |
| ૧૧ | | | | | | | | | ૨૦ |
| | | ૧૩ | | | | | ૧૮ | | |
| | | | | ૧૫ | | | | | |
| | ૧૨ | | | | | | | ૧૯ | |

દસ અને એકમના જૂથનો ઉપયોગ કરીને ૨૦ સુધીની મૂર્ત વસ્તુઓની ગણતરી કરવામાં બાળકોને મદદ કરો. બાળકોને મુઠ્ઠીભર બીજ અથવા બટન આપો, જે ૨૦થી વધુ ન હોય. તેમને પહેલાં સંખ્યા ધારવા માટે કહો, પછી જૂથ બનાવીને ગણતરી કરવા કહો. તેમની સાથે ચર્ચા કરો કે તેમનું અનુમાન કેટલું નજીક હતું? બાળકોને તેમના અનુમાનના આધારે તર્ક કરવા દો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ગણો અને લખો

ક. ગણો અને જવાબ લખો.





ખ. આપેલી સંખ્યા દર્શાવવા માટે દસનાં ખાનાંમાં રંગ પૂરો.

૧૪

૧૯

૧૬





ગ. આપેલાં ખાનામાં ક્રમમાં સંખ્યા લખો.

| | | | |
|---|---|---|---|
| ૧ | | ૩ | |
| ૮ | | ૬ | |
| ૯ | | | ૧૨ |
| | ૧૫ | | |
| | | | ૨૦ |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઘ. નીચેનાં ચિત્રોમાં દસના જૂથને ફરતે ◯ કરો અને યોગ્ય સંખ્યા સાથે જોડો.

| | |
|---|---|
|  | ૧૭ |
|  | ૧૬ |
|  | ૨૦ |
|  | ૧૦ |

ચ. મિત્રોના એક જૂથે રમતાં-રમતાં કેટલાક મિનારા બનાવ્યા.



૧. સૌથી ઊંચા મિનારા પર ✓ ની નિશાની કરો.
૨. કયા મિનારામાં સૌથી વધુ ખોખાંનો ઉપયોગ થયો છે ?
તેમાં વપરાયેલાં ખોખાંની સંખ્યા લખો.
૩. કયા મિનારામાં સૌથી ઓછાં ખોખાં (બૉક્સ)નો ઉપયોગ કરવામાં આવ્યો છે ? તેમાં વપરાયેલા ખોખાંની સંખ્યા લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, કરીએ !

ક. સૌથી નાની સંખ્યા પર વર્તુળ બનાવો.

(૧) ૮, ૧૨, ૬ (૨) ૧૪, ૧૧, ૧૯

ખ. સૌથી મોટી સંખ્યા પર વર્તુળ બનાવો.

(૧) ૧૬, ૧૯, ૧૧ (૨) ૧૧, ૧૭, ૯

ગ. પંજાની નીચે છુપાયેલી સંખ્યા શોધીને લખો.

| | |
|---|---|
| ૧. | , ૧૫, ૧૬, , ૧૮ |
| ૨. | , ૧૨, , ૧૪, ૧૫ |
| ૩. | ૧૫, , , , ૧૯ |
| ૪. | ૧૩, , ૧૫, , |



ઘ. સૌથી મોટીથી શરૂ કરીને સૌથી નાની સુધીના ક્રમમાં સંખ્યા લખો. ૧૧, ૩, ૧૬, ૨૦, ૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |


બાળકોને કઈ સંખ્યા મોટી છે તે જાતે નક્કી કરવા દો. તેમને પૂછો કે તેમણે આવું કેમ નક્કી કર્યું છે? બાળકોએ સમજવું જોઈએ કે ૧૫ એ ૧૧ કરતાં મોટા છે કારણ કે તે ૧૧ કરતાં ૪ વધુ છે અને તે જ રીતે ૨૦ સુધીની અન્ય સંખ્યાઓ માટે પણ કરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચ. ચાલો, ગણતરી કરીએ અને લખીએ.






૧. બ્લોકની સંખ્યા

૨. સફેદ ટપકાંની સંખ્યા

છ. ૧ થી ૨૦ સુધીની સંખ્યાઓનાં ટપકાં જોડો.




શું તે પશુ છે કે પક્ષી ?

## પ્રોજેક્ટ કાર્ય

ક. તમારી આસપાસ જે વસ્તુઓ ૧૦ના જૂથમાં છે તેને શોધી કાઢો. ઉદાહરણ તરીકે ચાંલ્લાનું પત્તું, જેમાં ૧૦ ચાંલ્લા હોય.

ખ. બાળકોને જૂનાં પૂંઠાં કે નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને તેમનાં પોતાનાં ૧૦ થી ૨૦ સુધીનાં સંખ્યાકાર્ડ બનાવવા માટે કહો.

બાળકોને ૧૦થી વધુ વસ્તુઓની ગણતરી કરતી વખતે ૧૦ના જૂથને ઓળખવા માટે પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in